# બાયડ નગરપાલિકાના પ્રમુખ તરીકે સ્નેહલભાઈ, ઉપપ્રમુખ ગાયત્રીબેન બિનહરીફ

## માત્ર ૭ બેઠકો ધરાવતા કોંગ્રેસે ઉમેદવારી કરવાનું ટાળ્યું, ફટાકડાની આતશબાજીથી શહેર ધણધણ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે મંગળવારે સવારે બાયડ નગરપાલિકાના સભાખંડમાં અધ્યાસી અધિકારી મયંક પટેલની ઉપસ્થિતિમાં ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપે મેન્ડેટ આપી પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ માત્ર ૭ બેઠકો ધરાવતા કોંગ્રેસે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ઝંપલાવવાનું ટાળી દેતાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ પદના બંન્ને ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતાં ભાજપના કાર્યકરોએ વિજયનો શંખનાદ ફુંકી ફટાકડાની આતશબાજી કરતાં બાયડ બસ સ્ટેશન, બાયડ ગામ સહિતના વિસ્તારોમાં ફટાકડાની આતશબાજીથી ધણધણ્યા હતા. બાયડ પાલિકાના ૧૧મા પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા સ્નેહલભાઈ પટેલે બાયડ નગરપાલિકાના સર્વાંગી વિકાસ સાથે અધુરાં રહેલાં કામોમાં તેજી લાવી બાયડનગરને સર્વશ્રેષ્ઠ નગર બનાવવાની ખેવના વ્યક્ત કરી હતી.



રાજકીય પ્રયોગશાળા તરીકે ઓળખાતા બાયડ નગરપાલિકાના જંગનાં ચોંકાવનારાં પરિણામોએ અનેક લોકોની ઉંઘ હરામ કરી દીધી છે. ચૂંટણીના અભ્યાસુ રણનીતિકારો સામે ભાજપની યુવા ટીમે તમામ મોરચે કોંગ્રેસને હોંશિયામાં ધકેલી ૨૪ બેઠકોમાંથી ૧૭ બેઠક મેળવી જવલંત વિજય મેળવ્યો હતો. તા.૧૬ માર્ચના રોજ પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાતાં બાયડ પાલિકા વિસ્તારને જડબેસલાક સુરક્ષા પ્રબંધથી સુરક્ષિત કરવામાં આવ્યો હતો.

ભાજપ દ્વારા તમામ ૧૭ સભ્યોને વ્હીપ જારી કરવામાં આવ્યો હતો ત્યારબાદ પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવ્યા પછી અધ્યાસી અધિકારી દ્વારા કોંગ્રેસને પણ ઉમેદવારીપત્ર રજૂ કરવા માટે તક આપી હતી પરંતુ કોંગ્રેસે ઉમેદવારી કરવાનું ટાળતાં સવારે ૧૧-૧૫ કલાકે ભાજપના બંન્ને ઉમેદવારોને પ્રમુખ-ઉપપ્રમુખ પદે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. બંન્ને હોદ્દેદારોની મુદત અઢી વર્ષની નિયત કરવામાં આવી છે.



બાયડ પાલિકા પ્રમુખ તરીકે સ્નેહલભાઈ પટેલની નિયુક્તિ થતાં બાયડ ગામ, જૂના બસ સ્ટેશન વિસ્તાર, બસ સ્ટેશન વિસ્તાર, ધધુશીયામઠ, અદાનાછાપરા, અરજણવાવ અને સુંદરપુરામાં ખુશાલી છવાઈ હતી.

### સૌને સાથે રાખી વિકાસ કામો કરીશું : પ્રમુખ

બાયડ નગરપાલિકાના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવેલા ભાજપના સ્નેહલભાઈ પટેલે જણાવ્યું હતું કે બાયડ પાલિકામાં મતદારોએ ભાજપના હાથમાં સત્તા સોંપી છે ત્યારે ૫ વર્ષ દરમ્યાન સૌને સાથે રાખીને વિકાસના કામો કરવામાં આવશે. કોઈપણ વિસ્તારના વિકાસ કામો માટે પક્ષપાત નહીં થાય તેમ પણ જણાવ્યું હતું.

### બાયડ પાલિકાના પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષીની નિયુક્તિ

ભાજપ દ્વારા બાયડ નગરપાલિકામાં પક્ષના નેતા તરીકે સરળ વ્યક્તિત્વ ધરાવતા સંગઠન ઉપરાંત વહીવટમાં જેની સારી પકડ છે તેવા બાયડ પાલિકાના પૂર્વ પ્રમુખ, પૂર્વ કારોબારી અધ્યક્ષ અરવિંદભાઈ પ્રજાપતિની નિયુક્તિ કરી છે. જ્યારે દંડક તરીકે ભાવનાબેન અતુલકુમાર જોષીની નિયુક્તિ થતાં બાયડના નગરજનોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

### "ગાંધીનગર સમાચાર"ના અહેવાલો સચોટ ઠર્યા

રાજકીય વિશ્લેષણ સહિત કયા વિસ્તારમાં કયાં સમીકરણો ગોઠવાયાં તેમાં "ગાંધીનગર સમાચાર" સમગ્ર જિલ્લામાં અગ્રેસર રહ્યું છે. તા.૧૬, માર્ચના રોજ ગાંધીનગર સમાચારમાં જણાવાયું હતું કે બાયડ પાલિકાના પ્રમુખ પદે સ્નેહલભાઈ પટેલ, મોડાસા પાલિકાના પ્રમુખ પદે જલ્પાબેન ભાવસાર રેસમાં આગળ છે. બંન્ને નગરપાલિકામાં તેમની પ્રમુખ તરીકે નિયુક્તિ થઈ છે. જ્યારે બાયડ પાલિકામાં જ્ઞાતિગત સમીકરણો ગોઠવાતાં તેમાં ઉપપ્રમુખ તરીકે ગાયત્રીબેન પટેલ અથવા મીનાબેન પટેલમાંથી એકની નિયુક્તિ સંભવ હતી જેમાં ગાયત્રીબેન પટેલની ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ થઈ છે. જ્યારે પક્ષના નેતા તરીકે અરવિંદભાઈ પ્રજાપતિ અને દંડક તરીકે ભાવનાબેન જોષીની નિયુક્તિની સંભાવના હોવાનું જણાવ્યું હતું તે તમામ અહેવાલો સચોટ ઠરતાં ફરી એકવાર "ગાંધીનગર સમાચાર" રાજકીય વિશ્લેષણમાં દમદાર સાબિત થયું છે.

### બાયડ પાલિકામાં ૫ હોદ્દેદારોની અઢી વર્ષ માટે નિયુક્તિ

ભાજપ દ્વારા તા.૧૬ના રોજ બાયડનગરપાલિકાની સામાન્ય સભા મળે તે અગાઉ પ્રમુખ-ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડક ચૂંટી કાઢવા માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રકુમાર જે. પટેલ દ્વારા વ્હીપ આપવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે અન્ય હોદ્દેદારોની મુદત પણ અઢી વર્ષની નિયત કરવામાં આવી છે.

પ્રમુખ : સ્નેહલકુમાર જગદીશભાઈ પટેલ
ઉપપ્રમુખ : ગાયત્રીબેન પ્રવિણભાઈ પટેલ
કારોબારી ચેરમેન : પ્રવિણકુમાર મણીલાલ પટેલ
પક્ષના નેતા : અરવિંદભાઈ રેવાભાઈ પ્રજાપતિ
દંડક : ભાવનાબેન અતુલકુમાર જોષી

# આજે ચૂંટણી જંગ : અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ભાજપના લાલસિંહ ચૌહાણની જીત નિશ્ચિત

## ૩૦ બેઠકમાંથી ભાજપની ૨૫ બેઠક, ઉપપ્રમુખ પદે પણ ભાજપના કનુભાઈ મણાત ચૂંટાઈ આવશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ કોણ..?? તેની અટકળનો અંત આજે ૧૧ કલાકે આવી જશે. અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ભાજપના લાલસિંહ હિંમતનસિંહ ચૌહાણ(કિશનગઢ સીટ) અને ઉપપ્રમુખ તરીકે કનુભાઈ બદાભાઈ મણાત(પંચાલ સીટ)ચૂંટાઈ આવશે. જિલ્લા પંચાયતની ૩૦ પૈકી ૨૫ બેઠક ઉપર ભાજપના ઉમેદવારો જીત્યા છે. જ્યારે કોંગ્રેસના માત્ર ૫ ઉમેદવારો વિજયી બન્યા છે. કોંગ્રેસે મહિલા ઉમેદવાર રાજેશ્વરી કર્ણવિરસિંહ ચંપાવત (કુંડોલપાલ સીટ)ને પ્રમુખ પદે મેદાનમાં ઉતાર્યા છે.

તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાયેલી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, સંગઠન પ્રભારી રાજેન્દ્રભાઈ પાઠક, જિલ્લા સંગઠન મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, ભીખાજી ડામોર અને હસમુખભાઈ પટેલ દ્વારા બનાવાયેલી રણનીતિમાં ભાજપના સીનીયર આગેવાનોના માર્ગદર્શન હેઠળ ચૂંટણી જંગમાં ફતેહ મેળવી ૯૦ ટકા બેઠકો જીતી લીધી હતી. ગત ટર્મમાં અરવલ્લી જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનો પંજો હાવિ થઈ ગયો હતો.

ભાજપે જિલ્લા પંચાયત આંચકી લેવા માટે મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો. ચૂંટણી પરિણામ જાહેર થયું ત્યારે ૩૦માંથી ભાજપે ૨૫ બેઠક જીતી ઈતિહાસ રચ્યો હતો. કોંગ્રેસ માત્ર ૫ બેઠકમાં સમેટાઈ હતી. ચૂંટણી પરિણામ જાહેર થયા પછી પ્રમુખ પદે કોણ..?? તેને લઈને અનેક ઉમેદવારોના નામ ચાલતા હતા પરંતુ ભાજપે ભિલોડા વિધાનસભા મતક્ષેત્રમાં વધુ મજબૂત બનાવવા માટે લાલસિંહ હિંમતસિંહ ચૌહાણે પ્રમુખ પદના ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે મેઘરજ તાલુકાના કનુભાઈ મણાતને ઉપપ્રમુખ પદના જંગમાં ઉતારી માસ્ટર સ્ટ્રોક લગાવ્યો છે.

જ્યારે કોંગ્રેસે ઉપપ્રમુખ તરીકે મોટાકંથારીયા બેઠક પરથી જીતેલા વનરાજ રમણભાઈ ડામોરને મેદાનમાં ઉચાર્યા છે. આજે તા.૧૭ના રોજ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત સભાખંડમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાશે જેમાં પ્રચંડ બહુમતી ધરાવતા ભાજપના ઉમેદવારોની જીત નિશ્ચિત છે.

### સાબરકાંઠા જિલ્લા પંચાયતના ઉમેદવાર તરીકે ભાજપે ધીરજ પટેલને મેદાનમાં ઉતાર્યા

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં પણ ભાજપનો ભગવો લહેરાવ્યો છે ત્યારે ભાજપ દ્વારા ધીરજભાઈ કરસનભાઈ પટેલને પ્રમુખ તરીકે અને અમૃતસિંહ દિપસિંહ પરમાર ઉપપ્રમુખ, વિપુલકુમાર ભોગીલાલ પટેલને અધ્યક્ષ તરીકે મેદાનમાં ઉતારવાની જાહેરાત કરી છે. જ્યારે દંડક તરીકે ધીરેનભાઈ મનુભાઈ અસારી અને પક્ષના નેતા તરીકે ગણપતસિંહ પરબતસિંહ ઝાલાને પસંદ કર્યા છે. ભાજપના જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતિમાં નામોની જાહેરાત કરાઈ છે.

### સાબરકાંઠાની તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પસંદગી

| તાલુકો | પસંદ કરાયેલ ઉમેદવાર |
|---|---|
| પોશીના | ચીમનભાઈ ખેતાભાઈ ગમાર, પ્રમુખ |
| | સુમાબેન નટુભાઈ ગમાર, ઉપપ્રમુખ |
| વડાલી | બાબુભાઈ બેચરભાઈ ખાંટ, પ્રમુખ |
| | રશ્મિકાબેન જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ |
| ખેડબ્રહ્મા | મોદણબેન શિવુભાઈ પરમાર, પ્રમુખ |
| | વિરજીભાઈ ભુરાભાઈ ગમાર, ઉપપ્રમુખ |
| પ્રાંતિજ | વર્ષાબેન દિલીપસિંહ મકવાણા, પ્રમુખ |
| | કતુસિંહ પરબતસિંહ રાઠોડ, ઉપપ્રમુખ |

# મોડાસા પાલિકાના પ્રમુખ તરીકે જલ્પાબેન ભાવસાર, ઉપપ્રમુખ ડૉ. રાકેશભાઈ મહેતા

## શહેરના સર્વાંગી વિકાસ માટે તનતોડ મહેનત કરવાની નગરજનોને હૈયાધારણા આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

મોડાસા નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાતાં ભાજપના જલ્પાબેન ભાવસાર અને ઉપપ્રમુખ ડાં.રાકેશભાઈ મહેતા ચૂંટાઈ આવ્યા છે. ચૂંટણી જંગમાં કોંગ્રેસ સહિત એ.આઈ.એમ.એમ.એ. પણ ઝંપલાવ્યું હતું. નવનિયુક્ત મહિલા પ્રમુખે મોડાસા શહેરના સર્વાંગી વિકાસ માટે ૫ વર્ષ સુધી તનતોડ મહેનત કરવાની હૈયાધારણા આપી હતી તેમજ મોડાસાનગરને સ્પર્શતી ટ્રાફીક સમસ્યા, ચોમાસા દરમ્યાન પાણી નિકાલ સહિતના માથાના દુઃખાવારૂપ પ્રશ્નોના ઉકેલ માટે પૂરતા પ્રયાસ કરવામાં આવશે.



અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા નગરપાલિકાના ચૂંટણી જંગમાં ૩૬માંથી ૧૯ બેઠક મેળવી ભાજપે અલ્પ બહુમતી સાથે સત્તા મેળવી હતી. પ્રમુખ પદની બેઠક મહિલા અનામત આવતાં રેસમાં જલ્પાબેન ભાવસાર આગળ હતાં. તા.૧૬ માર્ચના રોજ અધ્યાસી અધિકારી ડાં.વિમલ બારોટની ઉપસ્થિતિમાં સવારે ૧૧-૦૦ કલાકે મોડાસા નગરપાલિકાના સભાખંડમાં સામાન્ય સભા યોજાઈ જેમાં ભાજપ તરફથી પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે જલ્પાબેન ભાવસાર અને ડાં.રાકેશભાઈ મહેતાના ફોર્મ રજૂ થયા હતા. કોંગ્રેસ સહિત એ.આઈ.એમ.એમ.એ. પ્રમુખ-ઉપપ્રમુખ પદની રેસમાં ઝંપલાવ્યું હતું. જેમાં ભાજપના બંન્ને ઉમેદવારો વિજેતા જાહેર થયા હતા.

# કોંગ્રેસના બુરા હાલ : મોડાસા તાલુકા પંચાયતમાં કોંગ્રેસને ઉપપ્રમુખ પદનો ઉમેદવાર ન મળ્યો

## આજે પ્રમુખ-ઉપપ્રમુખ પદની ચૂંટણી, જિલ્લા ભાજપ સંગઠનની રણનીતિ સામે કોંગ્રેસ પરાસ્ત

બાયડ તા.૧૬

પ્રજાને વિકાસના કામો કરી આપવાના વચન આપ્યા પછી ચૂંટાયેલા ધારાસભ્યો આરામ પ્રિય બની જાય તો પરિણામ આંચકાજનક હોય છે. અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસના ધારાસભ્યો સામે મતદારોએ રોષ વ્યક્ત કરી ભાજપ તરફી મતદાન કરતાં જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને બંન્ને નગરપાલિકાઓમાં કમળ સોળેકળાએ ખીલ્યું છે. મોડાસા તાલુકા પંચાયતમાં કોંગ્રેસને ઉપપ્રમુખ પદનો ઉમેદવાર નથી મળ્યો તેના ઉપરથી કોંગ્રેસના કેટલા બુરાહાલ થઈ રહ્યા છે તે સમજી શકાય છે.

આજે તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ માટેની ચૂંટણી યોજાવવાની છે તે પૂર્વે તા.૧૬ના રોજ પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેના ઉમેદવારી પત્રો રજૂ કરવામાં આવ્યા હતા જેમાં મોડાસા તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ માટે ભાજપે બિપીનચંદ્ર કોદરભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસે ભાવનાબેન દેવેન્દ્રકુમાર ચંપાવતને મેદાનમાં ઉતાર્યા. જ્યારે ભાજપે ઉપપ્રમુખ તરીકે હીનાબેન લાલસિંહ ચૌહાણને મેદાનમાં ઉતાર્યા પરંતુ ઉપપ્રમુખ પદ માટે કોંગ્રેસને ઉમેદવાર ન મળતાં મોડાસા તાલુકા પંચાયતમાં ભાજપના ઉપપ્રમુખ પદના ઉમેદવાર આજે વિધિવત રીતે બિનહરીફ જાહેર થશે. જિલ્લા ભાજપ સંગઠનની રણનીતિ સામે કોંગ્રેસે ઘૂંટણો ટેકવી હોય તેવું ચિત્ર જિલ્લાભરમાં ઉપસ્યું છે.

### જિલ્લાની અન્ય પંચાયતના ઉમેદવારો..

| તાલુકો | ઉમેદવાર | હોદ્દો | પક્ષ |
|---|---|---|---|
| મેઘરજ | પરેશકુમાર મંજીભાઈ ખાંટ | પ્રમુખ | કોંગ્રેસ |
| | ભાવનાબેન લક્ષ્મણભાઈ ધમલાત | પ્રમુખ | ભાજપ |
| | બાબુભાઈ મોહનભાઈ તરાર | ઉપપ્રમુખ | કોંગ્રેસ |
| | ભાનુપ્રતાપસિંહ દલજીતસિંહ જાડેજા | ઉપપ્રમુખ | ભાજપ |
| માલપુર | સંજયભાઈ ડાહ્યાભાઈ પટેલ | પ્રમુખ | ભાજપ (બિનહરીફ) |
| | રાજુભાઈ રણછોડભાઈ મારીવાડ | ઉપપ્રમુખ | ભાજપ (બિનહરીફ) |
| ભિલોડા | તરલીકાબેન બંકીમચંદ્ર તબિયાડ | પ્રમુખ | ભાજપ |
| | ચેતનાબેન કાલીચરણ હોથા | પ્રમુખ | કોંગ્રેસ |
| | પારૂલબેન નિલેષભાઈ પંચોલી | ઉપપ્રમુખ | ભાજપ |
| | અનિલભાઈ નવજીભાઈ હડુલા | ઉપપ્રમુખ | કોંગ્રેસ |
| ધનસુરા | કિરણબેન તખતસિંહ પરમાર | પ્રમુખ | ભાજપ |
| | હંસાબેન બુધાભાઈ ખાંટ | પ્રમુખ | કોંગ્રેસ |
| | અમૃતભાઈ ખેતાભાઈ પટેલ | ઉપપ્રમુખ | ભાજપ (બિનહરીફ) |
| બાયડ | મંજુલાબેન નવનીતસિંહ સોલંકી | પ્રમુખ | ભાજપ (બિનહરીફ) |
| | અરવિંદભાઈ કેશાજી ઝાલા | ઉપપ્રમુખ | ભાજપ (બિનહરીફ) |

**બાયડ-માલપુર તાલુકા પંચાયતમાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ, મોડાસા-ધનસુરા તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ બિનહરીફ**

## ક્રેડીટ કાર્ડ બંધ કરાવવાની અરજી આપ્યા પછી લોડ, બેન્ક કર્મીઓની સંડોવણી

મોતીપુરા કંપાના ૭૦ વર્ષના વૃદ્ધ ખેડૂત વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈ પટેલ સાયબર ક્રાઈમનો ભોગ બન્યા છે. તેઓએ સ્ટેટ બેન્ક ઓફ-બાયડ શાખામાં તેમનું ક્રેડીટ કાર્ડ બંધ કરાવવાની અરજી આપી અને તેમના ઉપર ક્રેડીટ કાર્ડ બંધ કરવાના કન્ફરર્મેશન માટે ફોન આવતાં તેઓએ વિગત આપી અને ગઠીયાએ ઓ.ટી.પી. કોડ મેળવી ખાતામાંથી રૂા.૯૦,૧૫૭ હડપ થઈ જતાં મધ્યમ વર્ગીય ખેડૂત પરિવાર ઉપર વજ્રઘાત જેવી સ્થિતિ છે. ખેડૂત પરિવારે એસ.ઓ.જી.ને ફરિયાદ કરી છે.

બાયડ તાલુકાના મોતીપુરા કંપાના વૃદ્ધ ખેડૂતના કિસ્સામાં બેન્કની સીસ્ટમમાં જ ગઠીયાઓનું ગઠબંધન હોવાની આશંકા મજબૂત બની છે. મૃગેશ પટેલે આપેલી જાણકારી અનુસાર તેઓ તેમના પિતા સાથે તા.૨૬ ફેબ્રુઆરીના રોજ સ્ટેટ બેન્ક બાયડ શાખામાં તેમનું ક્રેડીટ કાર્ડ બંધ કરાવવા માટે પહોંચ્યા હતા અને જરૂરી પ્રોસેસના ભાગરૂપે કસ્ટરમર કેરમાં કોલ કરવામાં આવ્યો હતો. જેથી ખેડૂત પરિવાર સમજ્યો કે તેમનું કાર્ડ બ્લોક થઈ ગયું હશે અને કોઈ ગઠીયાએ બેન્ક અધિકારી બોલું છું તેમ કહી કાર્ડ કેમ બ્લોક કરાવવું છે તેવા સવાલ પૂછ્યા અને મોબાઈલમાં ઓ.ટી.પી.ની જાણકારી આપશો તેમ કહેતાં વૃદ્ધ ખેડૂત બેન્કમાંથી ફોન છે તેમ સમજી ઓ.ટી.પી. આપતા ખેડૂતના ખાતામાંથી માતબર રકમનો ઉપાડ થઈ ગયો.

### પ્રાથમિક શિક્ષકોનું શોષણ કરનાર અધિકારી સાઈડલાઈન

# મેઘરજમાં પ્રાથમિક શિક્ષકોના ઉચ્ચત્તર પગાર માટે બે નોડલની નિયુક્તિ

**'ગાંધીનગર સમાચાર' ઈમ્પેક્ટ..**

અરવલ્લી જિલ્લાની કેટલીક સરકારી પ્રાથમિક શાળાઓના પ્રા.શિક્ષકોને ઉચ્ચત્તર પગારની દરખાસ્ત મંજૂર કરવા માટે ઉઘરાણાં થઈ રહ્યાં છે. મેઘરજ તાલુકામાં શિક્ષકોને ૯ નો ગ્રેડ-પે લેવા માટે રીતસરના ટટળાવવામાં આવી રહ્યા છે. જેમને પૈસા આપ્યા તેમના કામ થયા છે તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે મેઘરજ ટી.પી.ઓ.ને કામગીરીમાંથી સાઈડલાઈન કરી તાબડતોબ એચ.ટાટ કુલદિપ શર્મા અને પરેશ પટેલને નોડલ તરીકે નિયુક્ત કર્યા છે. ઉચ્ચત્તર પગારના તમામ કેસની જવાબદારી તેમના શિરે મૂકવામાં આવી છે. અહેવાલથી પ્રાથમિક શિક્ષકોમાં ખુશાલી છવાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકારી પ્રા.શાળાઓના પ્રા.શિક્ષકોને ૯, ૨૦ અને ૩૧ ના તેમના હક્કના ગ્રેડ-પે લેવા હોય તો પણ કેટલાક તાલુકાઓમાં ટી.પી.ઓ. અને તેમના વહીવટદારોને નૈવેદ્ય આપવું પડતું હતું જેમાંય તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નૈનેષ ડામોર સામે ઉઘરાણાના અનેક આક્ષેપ થયાની લોકચર્ચા છેડાઈ છે. મેઘરજ તાલુકામાં વર્ષ-૨૦૦૪માં ભરતી થયેલા પ્રા.શિક્ષકોને ઈરાદાપૂર્વક ગ્રેડ-પે નો લાભ ન મળે તેવી હરકત હતી અને જેમને પૈસા આપ્યા તેમના ગ્રેડ-પે મંજૂર થઈ ગયા..તેવા સનસનીખેજ સમાચાર પ્રસિદ્ધ થતાં અરવલ્લી સહિત ગાંધીનગરમાં તેનો અંડર કરંટ જોવા મળ્યો. અહેવાલની ગંભીરતાની નોંધ લઈ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કયા પ્રા.શિક્ષકોના ગ્રેડ-પે મંજુર કરાયા..?? અને મંજુર નથી કર્યા તો તેનું શું કારણ છે..?? તે તમામ વિગતોનો અહેવાલ મેઘરજ ટી.પી.ઓ. પાસે માગવામાં આવ્યો છે અને તાત્કાલિક અસરથી બે એચ.ટાટ શિક્ષકોને નોડલ તરીકે નિયુક્ત કરી ગ્રેડ-પેની તમામ ફાઈલોની જવાબદારી સોંપવામાં આવી છે.